# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૨૨–૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'ફાઈબર ટુ ફેશન–૨૦૧૧'નો શુભારંભ સમારોહ યોજાયો

સુરતઃધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે પ્રદર્શન 'ફાઈબર ટુ ફેશન–૨૦૧૧' નો શુભારંભ સમારોહ સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર,સરસાણા, સુરતમાં યોજાયો હતો.

આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના એક્ઝિક્યુટિવ ડાયરેકટરશ્રી એચ.એસ.કોહલી તથા અતિથિ વિશેષ તરીકે મુંબઈની ડોનિયર ફેબ્રિકસના એમ.ડી.શ્રી રાજેન્દ્ર અગ્રવાલ ઉપસ્થિત રહયા હતા.

આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યા બાદ ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ સ્વાગત વકતવ્યમાં કહયું હતું કે,ચેમ્બરને પ્રદર્શનો યોજવાનો બહોળો અનુભવ છે અને પુરા આયોજન સાથે એ કામ થતું હોવાથી એમાં સફળતા પણ મળે છે.પહેલા દરેક પ્રદર્શનના આયોજન વખતે એ વાતનું ઘ્યાન રાખવામાં આવતું કે વધુને વધુ લોકો પ્રદર્શનનો લાભ લઈ શકે.આ વખતે એવું આયોજન કરવામાં આવ્યું છે કે,આ પ્રદર્શનમાં બાયર્સ વધુ આવે જેનો સીધો ફાયદો એક્ઝિબિટર્સને થાય.આ પ્રદર્શનનો એક આશય સુરતની બ્રાન્ડ વધુ મજબૂત બનાવવાનો પણ છે.આ પ્રદર્શન દરમિયાન અંદાજે ૨૫૦૦ થી વધુ બાયર્સ મુલાકાત લેશે.આગોતરા આયોજનથી સફળતા મળી શકે છે.આ વર્ષના અન્ય એક પ્રદર્શન 'ઉદ્યોગ' માટે અમે જયારે મુંબઈમાં રોડ શોનું આયોજન કર્યું હતું ત્યારે ૨૫ દેશોના પ્રતિનિધિશ્રીઓ એમાં ઉપસ્થિત રહયા હતા.આ પ્રદર્શનથી સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને સારો એવો ફાયદો થશે એવો મને વિશ્વાસ છે.

પ્રદર્શન વિશે જાણકારી આપતા એકિઝબિશન કન્વીનરશ્રી દિનેશ ઝવેરીએ કહયું હતું કે,આ પ્રદર્શનની તૈયારીરૂપે અમે બાયર્સ અને સેલર્સ સાથે મીટીંગો કરી છે.આડતિયાઓનો પણ સહકાર મેળવી શકયા છીએ.એ રીતે જ સુરતની બ્રાન્ડને મજબૂત બનાવવા માંગતા 'સુરત ડ્રિમ્સનો સહયોગ પણ મેળવી શકયા છીએ.આ પ્રદર્શન સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં જે થોડીઘણી મંદીની અસર દેખાય છે એને દૂર કરવામાં મદદરૂપ નિવડશે એની મને ખાતરી છે.પ્રદર્શન દરમિયાન ફેશન શોનું પણ આયોજન છે જેનૈ કારણે સુરતમાં બનતા ફેબ્રિકસની બ્રાન્ડને ફાયદો થશે.

સુરત ડ્રીમ્સના શ્રી હિતેષ જૈને કહયું હતું કે,આ પ્રદર્શનથી બ્રાન્ડ સુરતની દિશામાં મોટુ કામ થશે.સુરતની પ્રોડકટસને આંતરરાષ્ટ્રિય ઓળખ મળે એ દિશામાં આગળ વધી કશાશે.

સમારંભના અતિથિવિશેષ મુંબઈની ડોનિયર ફેબ્રિકસના એમડી શ્રી રાજેન્દ્ર અગ્રવાલે પ્રાસંગિક વકતવ્યમાં કહયું હતું કે,સુરત એ સાડી અને ડ્રેસ મટીરિયલ્સ માટે જાણીતું છે.હવે એ નવા સોપાનો સર કરશે એવી મને ખાતરી છે.તેમણે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં આવનારી નવી પેઢી વધુ સફળતા મેળવશે એવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એકિઝકયુટિવ ડાયરેકટરશ્રી એચ.એસ.કોહલીએ પોતાના વકતવ્યમાં સુરતના સાહસિક ઉદ્યોગકારોને બિરદાવ્યા હતા અને એક સમયે પ્લેગને કારણે બદનામ થયેલા શહેરે પોતાની જે નવી ઓળખ બનાવી છે તે વધુ મજબૂત બનશે એવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો. તેમણે કહયું હતું કે,એક કહેવત છે કે,એક નૂર આદમી હજાર નૂર કપડા.અને સુરત એ ક્ષેત્રમાં ટોચ ઉપર છે.આ પ્રદર્શન ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વિકાસ માટે મહત્વનું પુરવાર થશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી પરેશ પટેલે આભારવિધિ આટોપી હતી.